RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૮૭ તા.૧૩–૩–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કમલબેન ઘોડીરામ મરાઠે
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કમલબેન ઘોડીરામ મરાઠેની તા. ૧૩–૦૩–૧૨ની અરજીથી કતારગામઝોન ખાતે ઝુંપડા નં. ૩૦૭ પટેલવાડી નં. ૩ લાડે પાહુરંગ ગોપાળભાઈ આની પાછળની તમામ અરજી આપેલ છે આજ દિન સુધી કોસાડ આવાસ મળેલું નથી મકાન મળશે કે નહિ ? જેની મને તાકીદે માહિતી આપવા બાબત આ વ્યકિતનું મકાન કોને આપ્યુ છે કે નહિ જેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૩–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૮૭/૨૦૧૧–૧૨

શ્રી કમલબેન ઘોડીરામ મરાઠેની તા. ૧૩–૦૩–૧૨ ની અરજીથી કતારગામઝોન ખાતે ઝુંપડા નં. ૩૦૭ પટેલવાડી નં. ૩ લાડે પાહુરંગ ગોપાળભાઈ આનીપાછળની તમામ અરજી આપેલ છે આજ દિન સુધી કોસાડ આવાસ મળેલું નથી મકાન મળશે કે નહિ ? જેની મને તાકીદે માહિતી આપવા બાબત આ વ્યકિતનું મકાન કોને આપ્યુ છે કે નહિ જેની માહિતી આપવા બાબતે અરજદારે અરજીની તારીખે જ એપેલેટ ઓફિસરને તા. ૧૩–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** સાથે અરજદારની તા. ૮–૨–૧૦, તા. ૧૯–૩–૧૦ તથા તા. ૪–૬–૧૦ની અરજીઓ અંગે થયેલ નહીં થયેલ કાર્યવાહીની દફતરી વિગત પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૫૮ તા.૨૨–૩–૧૨ થી એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી તથા અરજદારને ફી ભર્યાની વિગત તથા પક્ષકાર જાહેર માહિતી અધિકારી જણાવેલ નથી તે જણાવવા સાથે માહિતી માટે નારાજગી છે કે તકરાર નિવારણ માટે ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૪ તા.૧૩–૪–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૬૪૨ તા. ૧૪–૩–૧૨ થી જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૬૬૬ તા. ૨૬–૭–૧૦ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ, તા.૮–૨–૧૦ ના રોજ કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને તથા તા.૧૯–૩–૧૦ ના રોજ કમિ.શ્રીને ઘોડીરામ મરાઠીએ કરેલ અરજીની નકલ, તથા તા.૪–૬–૧૦ ના રોજ કતારગામઝોન કલેકટર કમિ., વીજીલન્સને કરેલ અરજીની નકલ, તા.૪–૬–૧૦ ના રોજ કરેલ એફીડેવીટની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૨૪ તા.૧૧–૪–૧૨ થી અરજદારને તા.૧૩–૩–૧૨ ની અરજી બાબતે આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧૩–૦૩–૧૨ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને સંબોધતી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતેથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૬૪૨ તા. ૧૪–૩–૧૨ થી નિયત સમય અવધિમાં ડે. ઈજનેર કતારગામઝોન ખાતે તબદીલ થયેલ. જે બાબતે અરજદાર તરફથી તે જ તારીખે તા.૧૩–૩–૧૨ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. આથી અરજદારની અપીલ અરજી જે અંગે આરટીઆઈ એકટની કલમ ૧૯(૧) હેઠળ મુળ અરજીથી માંગેલ

માહિતી દિન–૩૦ની અવધિમાં ન મળે અથવા મળે તો તે અંગેની નારાજગીના કિસ્સામાં પ્રથમ અપીલની જોગવાઈ હોઈ તે મુજબ અપીલનું કારણ ઉત્પન થયે જ અપીલ કરવાની જોગવાઈ છે. અત્રે અરજદારે તે જ દિવસે અપીલ કરેલ હોય અપીલનું કારણ ઉત્પન્ન થતું ન હોય અપીલ અરજી ગ્રાહય રાખવાને પાત્ર ઠરે નહીં. તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરીતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષીને અરજદારની અપીલ બાબતે વિગતદર્શક હુકમ કરવામાં આવેલ છે. સદર બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/૨૪ તા.૧૧–૪–૧૨ થી કતારગામ પટેલવાડી –૩ ના ઝુંપડા નં.૩૦૬ તેમજ ૩૦૭ બંને ઝુંપડા પર એક જ વ્યકિતનું બાયોમેટ્રિક/સ્પોટ સર્વે થયેલ છે. જે શ્રી કમલાબેન ઘોડીરામ મરાઠેના નામનું થયેલ છે જેથી તેઓને ૩૦૬ નંબર પર કોસાડ ખાતે આવાસ નં.૧૧૦–બી–૦૬ ફાળવવામાં આવેલ છે. ઝુંપડા નં.૩૦૭ સંદર્ભે લાડે પાંડુરંગ ગોપાલભાઈની અરજી અન્વયે જણાવવાનું કે તેઓનું બાયોમેટ્રિક/સ્પોટ સર્વે થયેલ ન હોઈ તેઓની અરજી દફતરે કરવામાં આવી છે આ સંજોગોમાં લાડે પાંડુરંગ ગોપાલભાઈને આવાસ મળી શકે નહીં. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૪ તા.૧૩–૪–૧૨ થી પૂરક વિગતોમાં જણાવેલ છે કે તા. ૮–૨–૧૦ , ૧૯–૩–૧૦ તથા ૪–૬–૧૦ ની અરજીઓ અંગે જણાવવાનું કે પાડુંરંગ ગોપાલભાઈ રાણેનું પટેલવાડી એચ.આઈ.એન. નં.૧૪૧ પર બાયોમેટ્રીક સર્વે કે સ્પોર્ટ સર્વે થયેલ ન હોઈ તેઓને ફોર્મ ઈસ્યુ કરી શકાય તેમ ન હોય તેઓની અરજી દફતરે થયેલ છે. વધુમાં આ સાથે પર્સોનલ ઓફિસર અને આસી. નોડલ ઓફિસર શ્રી રાઈટ ટુ ઈન્ફેર્મશન સેલના પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૫૮ તા.૨૨–૩–૧૨ અન્વયે માંગવામાં આવેલ માહિતી સબબ નંગ–૧ (નોંધ વિભાગ પાના નં૧ થી ૩ તથા પત્ર વ્યવહાર વિભાગ પાના નં.૧ થી ૩૫ સામેલ કરેલ છે. તેવું જણાવેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૩–૩–૧૨ ધ્યાને લેતાં ૧૧–૦૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૬–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અ ત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૩–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં અરજદારની અપીલ અરજી નિયત સમય અવધિ પહેલાની હોય કલમ–૧૯(૧) મુજબ અપીલનું કારણ ઉત્પન્ન થતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી કમલબેન ઘોડીરામ મરાઠે,